મુખ્ય સદર ૨૪૦૫ એફ.એસ.એચ.-૧૦ પ્રચાર અનેવિસ્તરણકાર્યક્રમ સંગીન બનાવવોઆયોજીત યોજના હેઠળ વર્ષ૨૦૧૮-૧૯માટે રૂ.૧૩૨.૦૦ લાખની નવી બાબત, કામધેનુ યુનિવર્સિટીની સ્થાપનાઅને દ્રઢિકરણ હેઠળ (૧) એસ્ટાબ્લીશમેન્ટ ઓફસેન્ટર ઓફ એક્સલન્સ ઈન એક્વાકલ્ચર, (૨)સ્ટ્રેન્ધનીંગ ઓફ પી.જી.એજ્યુકેશન ઈનફીશરીઝ એસ પર ICAR નોર્મની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક-એફડીવી/૧૩૨૦૧૮/૧૪૨/ટ
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૪/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક- ગુમ/ત-૧/યોજના નવી બાબત/ ૨૦૧૭-૧૮/૫૮૬ તા.૨/૨/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક- ગુમ/ત-૧/યોજના નવી બાબત/૨૦૧૭-૧૮/૭૨૩ તા.૨૭/૩/૨૦૧૮

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમ:-(૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી પ્લાન યોજનાના પ્રિ-બજેટ (પૂર્વ અંદાજપત્ર) ની કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના અને દ્રઢીકરણ હેઠળ (૧) એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેંટર ઓફ એકસલન્સ ઈન એક્વાકલ્ચર (૨) સ્ટ્રેંન્ધનીંગ ઓફ પી.જી. એજ્યુકેશન ઈન ફીશરીઝ એઝ પર આઈ.સી.એ.આર. નોર્મ માટે રૂ.૧૫૦.૦૦ લાખની જોગવાઈ અંગેની દરખાસ્ત માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની સૈધાંતિક મજૂરી મેળવવા દરખાસ્ત કરેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ:-(૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી નવી પ્લાન યોજનાના પ્રિ-બજેટ (પૂર્વ અંદાજપત્ર) ની કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના અને દ્રઢીકરણ હેઠળ (૧) એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેંટર ઓફ એકસલન્સ ઈન એક્વાકલ્ચર (૨) સ્ટ્રેંન્ધનીંગ ઓફ પી.જી. એજ્યુકેશન ઈન ફીશરીઝ એઝ પર આઈ.સી.એ.આર. નોર્મ માટે રૂ.૧૩૨.૦૦ લાખની જોગવાઈ અંગેની દરખાસ્ત માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની વહીવટી મંજુરી મેળવાવા માટે દરખાસ્ત કરેલ છે. આ યોજનાનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યમાં જળાશયો અને દરિયાઈ કિનારા માટે કેજકલ્ચરની તાલીમ અને કેજ બનાવવાની તકનીક, ગુજરાત રાજ્યમાં ઓછા પાણી પ્રભવીત જિલ્લાઓમાં મત્સ્યઉછેર કરવા માટે આર.એ.એસ.(RAS)ટેક્નોલીજીના અર્થે તાલીમ આપવી. ગુજરાત રાજ્ય કોસ્ટલ બેલ્ટ અને ભાંભરાપાણીમાં મત્સ્યપાલન માટે નવી પ્રજાતિના ઉછેર અર્થે તાલીમ, ગ્રામ તળાવ અને જળાશયોમાં મત્સ્ય ઉત્પાદન વધારવા માટે માછલીના બીજના સંવર્ધન કરવા તાલીમ.

ગુજરાત રાજ્યમાં મત્સ્ય પલક/ખેડૂતો માટે નવી ટેકનોલોજી સાથે પ્રયોગશાળામાં ઉપરોક્ત વિષયમાં બાયોફ્લોક, એકવાપોનોક્સ, એક્વાસ્કેપીગ, એડવાન્સમેન્ટ ઇન ડીસીસ ડાયગ્નોસીસ, એન્ટીગ્રેટેડ એક્વાકલ્ચર, રિસેન્ટ અપ્રોચ ટુ સીમ ફાર્મિંગ(BMP, PROBIOTICS,AQUAMIMICRY), પર્લકલ્ચર,શુક્ષ્મ જીવનાં ઉછેર, રંગીન માછલી, જીંગા અને મીઠા પાણીની માછલીનો અન્તરપ્રેંનુરશીપની વિગેરે તાલીમ આપવામાં આવશે. આ યોજનામાં રીકરીંગ પેટે રૂ.૪૮.૪૨ લાખ અને નોનરીકરીંગ પેટે સાધનો ખરીદવા રૂ.૬૮.૫૮ લાખ તેમજ નાના કામો માટે રૂ.૧૫.૦૦ લાખનો ખર્ચ થનાર છે.નાના કામોમાં આંતરસ્થળીય મત્સ્યધોગ વિકાસ કેન્દ્ર , ઉકાઈ,તાપી ખાતેના બીલ્ડીંગમાં અને કામધેનું યુનીવર્સીટીના હિમતનગર કેમ્પસ ખાતે મત્સ્ય વિજ્ઞાન અર્થે આવેલી સુવિધાનો અને તાલીમાર્થે રીપેરીંગ અને રીનોવેશન કરવામાં આવશે.

પુખ્ત વિચારણાનાં અંતે નવી પ્લાન યોજનાના પ્રિ-બજેટ (પૂર્વ અંદાજપત્ર) ની કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના અને દ્રઢીકરણ હેઠળ (૧) એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેંટર ઓફ એકસલન્સ ઈન એક્વાકલ્ચર (૨) સ્ટ્રેંન્ધનીંગ ઓફ પી.જી. એજ્યુકેશન ઈન ફીશરીઝ એઝ પર આઈ.સી.એ.આર. નોર્મ માટે રૂ.૧૩૨.૦૦ લાખની જોગવાઈની નવી બાબતને વર્ષ ૨૦૧૮-૧૯ માટે નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો અને બોલીઓ:-</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રેહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રની જોગવાઈને આધીન નાણાવિભાગ દ્વારા વખતો-વખત છુટીકરવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં તા.૧/૪/૨૦૧૮થી ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) સદરયોજનાહેઠળ પસંદ થયેલ સ્થળ ઉપર સેન્ટર ઓફ એક્સલન્સ ઉભુ કરવા માળખાકીય સુવિધા ઉભી કરવાની રહેશે.

(૧૧) ઉપર દર્શાવેલ પ્લાન યોજનામાં જે હેતુ માટે જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) આ યોજના હેઠળ કોઈ ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૩) સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી ખર્ચ કરવાનો રહેશે તથા નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ યોજનાનું નિયત્રણ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, ગાંધીનગર, ગુજરાત રાજ્ય રહેશે. જેઓને સંબંધિત સેન્ટરને ગ્રાંટ ફાળવવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. સંબંધિત સેન્ટરની ગ્રાંટ વપરાશના પ્રામાણપત્રો (UTC) નિયત નમુનામાં મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ યોજના હેઠળ થયેલ ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

(૧૫) આ યોજના હેઠળ મંજુર થયેલગ્રાંટની રકમ કામધેનુ યુનિવર્સીટીને હવાલે મુકી તેના મારફત કામગીરી કરવાની રહેશે.

(૧૬) આ કેન્દ્રના લાબાં ગાળાના સંકલન, નિયંત્રણ અને વ્યવસ્થાપન સબબ પાંચ(૫) સંવર્ગોની નીચે મુજબ માનવબળ આઉટસોર્સથી ભરવાની મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનોહોદો | જગ્યાનીસાંખ્ય | ફિક્સ પે/વાર્ષિક (લાખ) |
|---|---|---|---|
| ૧ | સીનીયરરીસર્ચઆસિસ્ટાન્ટ | ૧ | ૩.૮૦લાખ |
| ૨ | તાલીમસહાયક | ૧ | ૩.૮૦લાખ |
| ૩ | જુનીયરક્લાર્ક | ૧ | ૨.૩૮લાખ |
| ૪ | ફીલ્ડમેન | ૧ | ૧.૮૦લાખ |
| ૫ | ફીલ્ડ સ્ટાફ / ફીશરમેન | ૧ | ૧.૮૦લાખ |
| કુલ | | ૫ | |

(૧૭)આ જગ્યાઓ આઉટસોર્સથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને આધિન ભરવાની રહેશે .

(૧૮) સાધનસામગ્રી અને અન્ય ખરીદી સરકારી ધારાધોરણો અને કામધેનુ યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ કરવાની રહેશે.

(૧૯) આ યોજના તળે વાર્ષિક મહત્તમ રૂ. ૧૩૨.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખવાની રહેશે.

(૨૦) મહેકમ ખર્ચ, ખરીદી ખર્ચ, રીનોવેશન ખર્ચ વગેરે બજેટ જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૧)એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેન્ટર ઓફ એકસલન્સ ઈન એક્વાકચર અંગે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરી તાલીમ કાર્યક્રમો કરવાના રહેશે.

(૨૨) એક્વાકચર અને ફીશરીઝ સંલગ્ન શાખાઓમાં વિદ્યાર્થીઓ તેમજ મત્સ્ય ખેડુતોને સંશોધન, શિક્ષણ અને તાલીમ આપવાની રહેશે.

(૨૩)વર્ષના અંતે જે કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.આંતરદેશીય,દરિયાઇ,બ્રેકીશવોટરને સંબંધિત તાલીમ માટે તાલીમ કેન્દ્ર ઉકાઇ ખાતે સ્થાપવાનું રહેશે.

(૨૪) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે તે હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૨૫) તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ કામધેનુ યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ ચુકવવાના રહેશે.

આ યોજના અંગેનો ખર્ચ નીચેના સદરે કરવામાં આવશે.

માંગણી નં.-૦૬

સેકટર-(ગ) આર્થિક સેવાઓ

સબ સેકટર-(ક) કૃષિ અને સંલગ્ન સેવાઓ

મુખ્ય સદર-૨૪૦૫- મત્સ્યોદ્યોગ

ગૌણ સદર -૧૦૯-વિસ્તરણ અને તાલીમ

પેટા સદર -01 જાહેરાત અને વિસ્તરણ કાર્યક્રમ સંગીન બનાવવો

(આયોજીત યોજના) એફ.એસ.એચ-૧૦ આયોજીત યોજના એફએસએચ-૧૦ કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના અને દ્રઢીકરણ

સ્કીમ કોડ નં. ૧૧૦૪૧૨

આઈટમ નંબર- ૩૧૩૫ સહાય

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિકમુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ ) ની તા. ૧૩/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૩) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૫) સંશોધન નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટી, સેક્ટર-૧૦એ, ગાંધીનગર
(૬) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ
(૭) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજય, રાજકોટ
(૯) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત
(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર
(૧૧) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
(૧૨) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૫) સીલેકટ ફાઇલ.